કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગર૧૦+૨શાખા
શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય

Ref. No. –ઉમશ/ઉમા–૦૨/૨૦૨૧/105–149 Date- 9/01/2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
તમામ

વિષય:– રાજ્યની બિન–સરકારી ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા ઉદ્યોગ શિક્ષકને પ્રથમ, દ્વિતિય અને તૃતિય ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવા બાબત.

સંદર્ભ:–૧. ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળનો તા.૨૫/૦૭/૨૦૧૯ અને તા.૨૩/૦૭/૨૦૧૯ના પત્રોથી કરાયેલ રજૂઆતો.
૨. નવયુગ વિદ્યાલય, નરોડા અમદાવાદનો તા.૨૫/૦૮/૨૦૨૦નો પત્ર નં. ૩૩/૨૦૨૦–૨૧
૩. શ્રી જી.એન. પટેલ નિવૃત્ત ઉદ્યોગ શિક્ષક, નવયુગ વિદ્યાલય, અમદાવાદનો તા.૨૫/૦૮/૨૦૨૦નો પત્ર.
૪. શ્રી બી.વી.વ્યાસ, ઉદ્યોગ શિક્ષક, શિવમ વિદ્યાલય, સૈજપુર, અમદાવાદનો તા.૨૩/૦૮/૨૦૨૦નો પત્ર.
૫. નાણા વિભાગનો તા.૩૦/૦૭/૨૦૨૦નો પત્રાંક: પગર/૧૦૨૦૨૦/ઓ/૪૫/મ તથા સંઘની તા.૨૧/૦૭/૨૦૨૦ની રજૂઆત.
૬. હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરનો તા.૧૯/૦૩/૨૦૧૮નો પત્રાંક: હિતિનિ/PVU/ફા.નં.૨૦/૨૦૧૮/૮૪
૭. સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી (૧૦+૨)નો તા.૦૨/૦૭/૧૯૭૭નો પરિપત્ર ક્રમાંક: NEP/Spl .Cell (10+2)/Tech.
૮. શિક્ષણ વિભાગનો તા.૦૬/૦૧/૧૯૮૮નો પત્રાંક: ઉમશ/૧૨૮૭/૬૦૯૨૭/ગ.૧
૯. શિક્ષણ વિભાગનો તા.૩૦/૧૧/૧૯૯૧નો ઠરાવ ક્રમાંક: ઉમશ/૧૨૮૭/૧૦૯૨૭/ગ.૧
૧૦. શિક્ષણ વિભાગનો તા.૨૯/૦૪/૧૯૯૨ના ઠરાવ ક્રમાંક: બમશ/૧૩૯૨/૧૦૬૬/ગ
૧૧. સંયુક્ત શિક્ષણ નિયામકશ્રીની કચેરી (૧૦+૨) ખાસ ઘટક, અમદાવાદના તા.૦૫/૦૬/૧૯૯૨ના પરિપત્ર ક્રમાંક: ઉમબ/ઉમા–૦૨/૨૨૦૮/૯૨–૯૩
૧૨. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનો તા.૧૫/૦૨/૨૦૦૫નો પત્રાંક: મઉમશબ/ગ/ટે–૬/૧૫૭૨–૧૬૬૧ અન્વયે બોર્ડની તા.૧૮/૦૧/૨૦૦૫ની કારોબારી સમિતિનો ઠરાવ ક્રમાંક: ૪૧૬/૨૦૦૫
૧૩. શિક્ષણ વિભાગનો તા.૦૪/૧૦/૨૦૧૮નો પત્રાંક: ઉમશ/૧૨૧૫/૬૦/ગ.૧

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભ (૧) થી (૫)માં દર્શાવેલ ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળની તા.૨૫/૦૭/૨૦૧૯, તા.૨૩/૦૭/૨૦૧૯ અને તા.૨૧/૦૭/૨૦૨૦ની રજૂઆતો તેમજ સબંધિત શાળા તથા ઉદ્યોગ શિક્ષકની રજૂઆતો અન્વયે રાજ્યની બિન–સરકારી ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ઉદ્યોગ

9/1, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar-382010
Website - https://cos.gujarat.gov.in
E-Mail Address – ss.umabranch@gmail.com
Landline Number - 079232 54001



Scanned with CamScanner

Scanned by CamScanner

શિક્ષક તરીકે ફરજ બજાવતા કર્મચારીઓને પ્રથમ, દ્વિતિય અને તૃતિય ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવા સબંધમાં હિસાબ અને તિજોરી નિયામકની કચેરી (PVU), ગાંધીનગર દ્વારા ઉદ્યોગ શિક્ષકના કિસ્સામાં બી.એસ.સી. સાથે ડાયમંડ જ્યુબીલીનો કોર્સ કરેલ ન હોય તેમના કેસમાં કયુ પગાર ધોરણ આપવાનું થાય? લઘુલાયકાત ગણી રૂ.૩૩૦-૫૬૦નું પગાર ધોરણ આપવું કે રૂ.૩૫૦-૬૯૦નું પગાર ધોરણ આપવું? તે અંગેની સ્થિતિ સ્પષ્ટ કરવા અંગે થયેલ આદેશની જાણ કરવા તથા આવા કેસો પગાર બાંધણીની ચકાસણી અર્થે રજૂ થાય છે ત્યારે આ પ્રકારના કેસો વાંધામાં પરત કરવામાં આવે છે. જેથી આ બાબતે પે વેરીફીકેશન યુનિટ (PVU) દ્વારા ઉદ્યોગ શિક્ષકના દ્વિતિય અને તૃતિય ઉચ્ચતર પગાર ધોરણની પગાર બાંધણીની ચકાસણી અર્થે રજૂ થતા કેસોમાં કાઢવામાં આવતા વાંધાઓ સામે અગાઉ જિલ્લા સ્થાનિક હિસાબ ભંડોળની કચેરી દ્વારા આવા સમાન કેસોમાં ઉ.પ.ધો.ની પગાર બાંધણી ચકાસણી કરી મંજુર કરવામાં આવેલ છે, તે પ્રમાણે હાલમાં પણ આવા દ્વિતિય અને તૃતિય ઉ.પ.ધો.ના કેસો મંજુર રાખવા અંગે ઘટતું કરવા અત્રે રજૂઆતો કરવામાં આવેલ છે.

પ્રસ્તુત બાબતે ધ્યાને લાવવામાં આવે છે કે, રાજ્યની બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં નિમવામાં આવતા ઉદ્યોગ શિક્ષકની નિમણૂંક માટેની લાયકાતો. પગાર ધોરણ, ઉ.પ.ધો. વગેરે બાબતોના સરકારશ્રીએ નિયત કરેલ ધારા-ધોરણો નીચે પ્રમાણે છે.

(૧) સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી (૧૦+૨) કચેરીના તા.૦૨/૦૭/૧૯૭૭ના પરિપત્ર મુજબ ઉદ્યોગ શિક્ષકની લાયકાતો નિયત કરવામાં આવેલ છે. જેમાં કેમીકલ ટેક્નોલોજી વિષયના ઉદ્યોગ શિક્ષકની લાયકાત નીચે પ્રમાણે છે.

"Science (Chemistry as main or subsidioy) Graduate Trained Teacher with Completion of 06 weeks Teacher Craft Training Programme arranged in Chemical Technology Craft."

(૨) શિક્ષણ વિભાગના તા.૦૬/૦૧/૧૯૮૮ના પત્રાંક: ઉમશ/૧૨૮૭/૬૦૯૨૭/ગ.૧ અન્વયે સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી (૧૦+૨)ના ઉક્ત તા.૦૨/૦૭/૧૯૭૭ના પરિપત્ર મુજબ ઉદ્યોગ શિક્ષક માટેની નક્કી કરેલ લાયકાત ધરાવતા શિક્ષકોને રૂ.૩૫૦-૬૦૦ નું પગાર ધોરણ આપવામાં આવે છે. જ્યારે ઉદ્યોગ શિક્ષક નિયત કરેલ લાયકાત ધરાવતા નથી તેમને રૂ.૩૩૦-૫૬૦નું પગાર ધોરણ આપવામાં આવે છે, તેવું જણાવેલ છે.

(૩) શિક્ષણ વિભાગના તા.૩૦/૧૧/૧૯૯૧ના ઠરાવ ક્રમાંક: ઉમશ/૧૨૮૭/૧૦૯૨૭/ગ.૧ અન્વયે સરકારી, બિન-સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં કામ કરતા ઉદ્યોગ શિક્ષકોને ચોથા કેન્દ્રિય પગાર પંચની ભલામણોને આધારે શિ.વિ.ના તા.૧૪/૦૭/૧૯૮૭ના ઠરાવમાં દર્શાવ્યા મુજબ નિયત કરાયેલ પગાર સુધારણા પ્રમાણે રૂ.૧૩૫૦-૩૦-૧૪૪૦-૪૦-૧૮૦૦-લા.આ.-૫૦-૨૨૦૦ નું પગાર ધોરણ આપવાનું ઠરાવેલ છે.

(૪) શિક્ષણ વિભાગના તા.૨૯/૦૪/૧૯૯૨ના ઠરાવ ક્રમાંક: બમશ/૧૩૯૨/૧૦૬૬/ગ અન્વયે ઉચ્ચત્તર પગાર ધોરણ આપવા બાબતે નીચે મુજબ ઠરાવેલ છે.

I. પ્રાથમિક શાળા અને બિન-સરકારી માધ્યમિક શાળા તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળા તેમજ અધ્યાપન મંદિરના શિક્ષકો કે જેઓ નિમણુંક સમયે નિયત લાયકાત ધરાવતા ન હોય એટલે કે બિન-તાલીમી હોય અને પાછળથી નિયત લાયકાત મેળવે તેમના કિસ્સામાં બિન-તાલીમી શિક્ષક તરીકે જે તારીખે શાળામાં જોડાયા



Scanned with CamScanner
Scanned by CamScanner

હોય અને જે તારીખે તેઓ શિક્ષક તરીકેની નિયત/જરૂરી લાયકાત મેળવે તે ગાળાના ૬૦ ટકા સમયને ઉચ્ચત્તર પગાર ધોરણ આપતી વખતે ગણતરીમાં લેવો.

(૫) સંયુક્ત શિક્ષણ નિયામકની કચેરી, ૧૦+૨ ખાસ ઘટક, અમદાવાદના તા.૦૫/૦૬/૧૯૯૨ના પરિપત્ર ક્રમાંક: ઉમબ/ઉમા-૦૨/૨૨૦૮/૯૨-૯૩/ અન્વયે શિક્ષણ વિભાગના તા.૦૮/૧૦/ ૧૯૯૦ના ઠરાવમાં તા.૦૮/૧૦/૧૯૯૦ પહેલાં ૧૦+૨ ખાસ ઘટકની મંજુરીથી નિમાયેલા લઘુલાયકાતવાળા શિક્ષકોને છુટા કરવાનો કોઈ જગ્યાએ નિર્દેશ થયેલ નથી. જેથી આવા શિક્ષકોને બીજા હુકમો ન થાય ત્યાં સુધી છુટા કરવાના ન હોવાથી તે અંગે જરૂરી આગળની કાર્યવાહી હાથ ધરવા રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને જણાવવામાં આવેલ છે.

(૬) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના તા.૧૫/૦૨/૨૦૦૫ના પત્રાંક: મઉમશબ/ગ/ટે.૬/૧૫૭૨-૧૬૬૧ અન્વયે બોર્ડની તા.૧૮/૦૧/૨૦૦૫ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક: ૪૧૬/૨૦૦૫ અન્વયે ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના ગ્રંથપાલ, ઉદ્યોગ શિક્ષકો, શિક્ષણ સહાયકો (ઉદ્યોગ) અને માધ્યમિક/ઉ.મા.શાળાના પટાવાળા/સાથી સહાયકની પસંદગી માટેનું ગુણાંકન માળખું તથા પરિશિષ્ટ-૭-અ મુજબ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ માટે ઉદ્યોગ શિક્ષક/શિક્ષણ સહાયકો (ઉદ્યોગ)ની પસંદગી માટેના ગુણાંકન માટેની ન્યૂનતમ લાયકાત નિયત કરવામાં આવેલ છે.

તે પ્રમાણે ક્રમ નં. (૦૪)માં કેમિકલ ટેક્નોલોજી વિષયના ઉદ્યોગ શિક્ષક માટેની લાયકાત: બી.એસ.સી. (કેમેસ્ટ્રી) + ડાયમંડ જ્યુબીલીનો સર્ટીફીકેટ કોર્ષ/સરકાર માન્ય સંસ્થાનો કેમીકલ ટેક્નોલોજીનો ડિપ્લોમાં અભ્યાસક્રમ (TEB પેટર્ન મુજબ) નિયત કરેલ છે.

(૭) શિક્ષણ વિભાગના તા.૦૪/૧૦/૨૦૧૮ના પત્રાંક: ઉમશ/૧૨૧૫/૬૦/ગ.૧ અન્વયે સંયુક્ત શિક્ષણ નિયામકશ્રીની કચેરીના તા.૦૨/૦૭/૧૯૭૭ના પત્રાંક: NEP/Spl.Cell (10+2)/Tech. અને તા.૦૫/૦૬/૧૯૯૨ના પરિપત્ર ક્રમાંક: ઉમબ/ઉમા-૨/૨૨૦૮/૯૨-૯૩ તેમજ ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડના તા.૧૫/૦૨/૨૦૧૫ના પત્રાંક: મઉમશબ/ગ/ટે-૬/૧૫૭૨-૧૬૬૧ના પરિપત્ર ક્રમાંક: ૦૩-૨૦૦૩ (સુધારો) પરિશિષ્ટ-૭ અ અનુસંધાને ઉદ્યોગ શિક્ષકોની લાયકાત નિયત કરવામાં આવેલ છે. તે પ્રમાણેની ભરતી કરવા જણાવેલ છે. તેમજ શિક્ષણ વિભાગના તા.૦૬/૦૧/૧૯૮૮ના પત્રાંક: ઉમશ/૧૨૮૭/૬૦૯૨૭/ગ.૧, તા.૩૦/૧૧/૧૯૯૧ના ઠરાવ ક્રમાંક:ઉમશ/૧૨૮૭/૧૦૯૨૭/ગ.૧ અને તા.૨૯/૦૪/૧૯૯૨ના ઠરાવ ક્રમાંક:બમશ/૧૩૯૨/ ૧૦૬૬/ગ થી સરકારી માધ્યમિક/બિન-સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ફરજ બજાવતાં ઉદ્યોગ શિક્ષકોને મળવાપાત્ર પગાર ધોરણ અને ઉચ્ચત્તર પગાર ધોરણ અંગેની જોગવાઈઓ દર્શાવવામાં આવેલ છે. આ ઠરાવોની જોગવાઈઓ સ્વયં-સ્પષ્ટ છે. આથી આ ઠરાવોની જોગવાઈ મુજબ પગાર ધોરણ અને ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય છે, તેવું જણાવેલ છે.

આમ, ઉપર (૧) થી (૭)માં જણાવ્યા મુજબના નિયત કરવામાં આવેલ ધારા-ધોરણો પ્રમાણે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં નિમણૂંક પામનાર અને પામેલ ઉદ્યોગ શિક્ષકોને પગાર-ધોરણ અને ઉ.પ.ધો.ના લાભો મળવાપાત્ર થાય છે. અર્થાત રૂ.૩૫૦-૬૦૦/૧૩૫૦-૨૨૦૦/૪૫૦૦-૭૦૦૦/૫૨૦૦-



Scanned with CamScanner
Scanned by CamScanner

૨૦૨૦૦, ગ્રેડ પે રૂ.૨૮૦૦/-નું પગાર ધોરણ અને રૂ.૧૬૬૦-૨૬૬૦/૫૦૦૦-૮૦૦૦/૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે રૂ.૪૨૦૦/-નું ઉ.પ.ધો. મળવાપાત્ર થાય.

જો કોઈ ઉદ્યોગ શિક્ષક ઉપર મુજબ નિયત કરેલી ન્યૂનતમ લાયકાતો ધરાવતો ન હોય તો તેમને રૂ.૩૩૦-૫૬૦/૧૨૦૦-૨૦૪૦/૪૦૦૦-૬૦૦૦/૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડ પે રૂ.૨૪૦૦/-નું પગાર ધોરણ અને શિ.વિ.ના તા. ૨૯/૦૪/૧૯૯૨ના ઠરાવની જોગવાઈ પ્રમાણે નિમણૂંક સમયે બિન-તાલીમી હોય અને પાછળથી નિયત લાયકાત મેળવે તેમના કિસ્સામાં બિન-તાલીમી શિક્ષક તરીકે જે તારીખે શાળામાં જોડાયા હોય અને જે તારીખે તેઓ શિક્ષક તરીકેની નિયત/જરૂરી લાયકાત મેળવે તે ગાળાના ૬૦ ટકા સમયને ઉ.પ.ધો. આપતી વખતે ગણતરીમાં લેવાનો રહે છે. દા.ત. ૯ વર્ષે મળવાપાત્ર પ્રથમ ઉ.પ.ધો.નો લાભ ઉક્ત જોગવાઈ પ્રમાણે બિન-તાલીમી ઉદ્યોગ શિક્ષકને તેઓ ૧૫ વર્ષની ઈજાફા પાત્ર સેવા પૂર્ણ કરે ત્યાર બાદ પ્રથમ ઉ.પ.ધો. રૂ.૧૪૦૦-૨૬૦૦/૪૫૦૦-૭૦૦૦/૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડ પે રૂ.૨૮૦૦/- નો લાભ મળવાપાત્ર થાય.

જ્યારે ઉદ્યોગ શિક્ષકની નિયત/જરૂરી ન્યૂનતમ લાયકાત મેળવેલ ન હોય તેમને જ્યાં સુધી નિયત લાયકાત પૂર્ણ ન કરે ત્યાં સુધી બિન-તાલીમીનું પ.ધો. રૂ.૫૨૦૦-૨૦૨૦૦, ગ્રેડ પે રૂ.૨૪૦૦/-જ મળવાપાત્ર થાય.

વળી, કેટલાક કિસ્સાઓમાં જે તે વખતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ આપેલ એન.ઓ.સી.માં લાયકાત અંગે છ અઠવાડીયાના કોર્સનો ઉલ્લેખ કરેલ ન હતો, તેને હકીકત તરીકે જોઈએ તો પણ આ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની ક્ષતિના કારણે એન.ઓ.સી.માં પૂરતી લાયકાતનો ઉલ્લેખ રહી ગયો છે, જે તમામ કિસ્સાઓ માટે સ્વિકારી શકાય નહીં, તેવું સ્પષ્ટ મંતવ્ય છે.

આમ, સમગ્રતયા ઉદ્યોગ શિક્ષક માટે નિયત કરાયેલી લાયકાતો, પગાર-ધોરણ અને ઉ.પ.ધો. માટે જે ધારા-ધોરણો નિયત કરાયેલા છે, તે જોતાં સંઘની રજૂઆતો અને અરજદાર શિક્ષકોની રજૂઆતો સ્વિકારવાપાત્ર બનતી નથી. સિવાય કે, જે તે શિક્ષકો શિક્ષણ વિભાગના તા.૨૯/૦૪/૧૯૯૨ ના ઠરાવની જોગવાઈ પ્રમાણે બિન-તાલીમી સમય ગાળાની સેવા માટે ૬૦ ટકા સેવાના સમયને જ પ્રથમ, દ્વિતિય કે તૃતિય ઉ.પ.ધો. મેળવવા માટે ગણતરીમાં લીધો હોય.

સરકારશ્રીની ઉક્ત જોગવાઈઓ અનુસાર રાજ્યની બિન-સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં નિમવામાં આવેલ પૂર્ણ લાયકાત અને લઘુ લાયકાત ધરાવતા ઉદ્યોગ શિક્ષકની લાયકાતો, પગાર-ધોરણો અને પ્રથમ, દ્વિતિય અને તૃતિય ઉચ્ચત્તર પગાર ધોરણોનો લાભ આપવા અંગેના નિકાલની ઘટિત કાર્યવાહી આપશ્રીની કક્ષાએથી કરવા આથી જણાવવામાં આવે છે. ઉક્ત જોગવાઈઓ વિરુધ્ધ જે કંઈ કાર્યવાહી થયેલ હશે અથવા તો કરવામાં આવશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી સબંધિત જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની અંગત રહેશે.

નોંધ પરના માન. નિયામકશ્રી શાળાઓના આદેશ અનુસાર.

નાયબ શિક્ષણ નિયામક
(૧૦+૨)
ગુ.રા., ગાંધીનગર

9/1, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar-382010
Website - https://cos.gujarat.gov.in
E-Mail Address – ss.umabranch@gmail.com
Landline Number - 079232 54001



Scanned with CamScanner

Scanned by CamScanner

કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગરા૧૦+૨શાખા
શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય

**નકલ સવિનય રવાના જાણ તથા ઘટતિ કાર્યવાહી અર્થે:-**

- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકશ્રી કચેરી, ગુ.રા., વિમા અને લેખા ભવન, બ્લોક નં.૧૭, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર (ઘટતી કાર્યવાહી સારૂ)
- નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, (ગ.૧), બ્લોક નં.૫/૭, સચિવાલય, ગાંધીનગર. (સંદર્ભ-૧૩ અન્વયે જાણ સારૂ)

**નકલ રવાના જાણ સારૂ....**

- પ્રમુખ/મહામંત્રીશ્રી, ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ, C/O આણંદ હાઈસ્કૂલ, ટાઉનહોલ સામે, આણંદ
- સબંધિત ઉધોગ શિક્ષક, (સબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મારફતે)

ક્રમાંક:/હિસાબી-૩/૨૦૨૧/૩૨૩૦
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
બનાસકાંઠા, પાલનપુર
તારીખ:૨૭/૦૧/૨૨

૨/- નકલ રવાના જાણ વ અમલ સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ(ગ્રાન્ટેડ) તમામ,
(ઉધોગ શિક્ષક સંબધિત)
જિ.બનાસકાંઠા.

**9/1, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar-382010**
**Website - https://cos.gujarat.gov.in**
E-Mail Address – ss.umabranch@gmail.com
Landline Number - 079232 54001



Scanned with CamScanner

Scanned by CamScanner